H&RA
WESTERN INDIA
Estd : 1951

# ગ્રાહકોને મતદાન માટે પ્રેરિત કરવા હોટેલિયરોની પ્લેજ ટુ વોટ ઝુંબેશ

## ફૂડ બિલ પર ડિસ્કાઉન્ટ પણ આપવામાં આવશે

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ

ધ હોટેલ એન્ડ રેસ્ટોરાં એસોસિયેશન (વેસ્ટર્ન ઈન્ડિયા) દ્વારા લોકસભાની ચૂંટણીમાં ગ્રાહકો અચૂક મતદાન કરે તે માટે મતદાર જાગૃતિ હાથ ધરવામાં આવી છે. આ માટે પ્લેજ ટુ વોટ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે, જેનું લક્ષ્ય નાગરિકોને તેમના લોકશાહીના અધિકારીને અજમાવવા માટે પ્રેરિત કરવાનું છે. આ ઝુંબેશના ભાગરૂપે સંગઠને તેના વેસ્ટર્ન રિજનના સર્વ સભ્યોને હોટેલમાં આવતા તેમના ગ્રાહકો તેમ જ સમુદાયોને મતદાન અચૂક કરવા માટે અનુરોધ કરવા સૂચના આપી છે.

ઉપરાંત રેસ્ટોરાં સંકુલમાં મતદાનના દિવસનો સંકેત આપતું બેનર લગાવવાની સૂચના અપાઈ છે. સંગઠનના પ્રમુખ પ્રદીપ શેટ્ટીએ જણાવ્યું કે મતદાન સૈદ્ધાંતિક અધિકાર છે અને લોકશાહી પ્રક્રિયામાં યોગદાન આપવા દરેક નાગરિક માટે શક્તિશાળી રીત છે. પ્લેજ ટુ વોટ ઝુંબેશ થકી સર્વ પાર્શ્વભૂના નાગરિકોને જવાબદારીનું ભાન કરાવવાનું અને તેમના અધિકાર અજમાવવામાં ગૌરવ લેવાનું લક્ષ્ય છે. બેનરો લગાવવા સાથે અમે અમારી સભ્ય આસ્થાપનાઓને આંગળી પર મતદાન કર્યાની શાહી બતાવે તેમને ફૂડ બિલ પર ડિસ્કાઉન્ટ આપવાનો પણ અનુરોધ કર્યો છે. આથી મતદાન માટે નાગરિકોને પ્રેરણા મળશે, એમ તેમણે જણાવ્યું હતું.

ઉપરાંત શ્રેણીબદ્ધ જાગૃતિ કાર્યક્રમો, વિવિધ પહેલો અને મુખ્ય હિસ્સાધારકો સાથે એકત્રિત પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા છે. ઉપરાંત નાગરિકોને વોટ આપવા માટે સોશિયલ મિડિયા મંચો પર એલર્ટ્સ, અપડેટ્સ અને રિમાઈન્ડર્સ પોસ્ટ કરવામાં સક્રિય રીતે સહભાગી થવા પણ જણાવાયું છે.

આ ઝુંબેશ લોકશાહી સહભાગના મહત્ત્વને અધોરેખિત કરે છે અને દેશની દિશાને આકાર આપવામાં એકત્રિત અવાજ પર પ્રભાવ પાડે છે. સર્વ મતદારોએ ચૂંટણીની તારીખો, ઉમેદવારો વિશે માહિતગાર થવું જોઈએ અને દેશની આ ચૂંટણીની પ્રક્રિયામાં અચૂક સક્રિય રીતે ભાગ લેવો જોઈએ, એમ તેમણે જણાવ્યું હતું.